કોરોના કાળમાં બાળ લગ્નનું દૂષણ

# અરવલ્લીમાં બાળ સુરક્ષા વિભાગે ત્રણ બાળલગ્ન અટકાવ્યાં

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૬

અરવલ્લી જિલ્લામાં કપરા કોરોના કાળમાં ઘરઆંગણે યોજાતા ઝાકમઝોળ લગ્નો ઉપર બ્રેક આવી છે પરંતુ ગ્રામ્ય વિસ્તારોમાં બાળ લગ્નોનું દૂષણ યથાવત રહ્યું છે. જિલ્લા બાળ સુરક્ષા વિભાગે સોમવારે બાળ લગ્નની મળેલી ફરિયાદના આધારે તાબડતોબ દોડી જઈ માલપુર પંથકમાં ૩ બાળલગ્ન અટકાવ્યાની વિગતો બહાર આવી છે. દર વર્ષે વૈશાખ માસના લગ્નગાળામાં ચોક્કસ જ્ઞાતિઓમાં બાળલગ્ન યોજવા તે એક પ્રથા જળવાયેલી રહી છે જેથી લગ્નોની સીઝનમાં બાળલગ્નોની ફરિયાદો અચૂક ઉઠતી હોય છે.

વૈશ્વિક મહામારી કોરોનાના કારણે કાળા માથાના માનવીને જીવન શૈલીમાં આમૂલ પરીવર્તન લાવવા મજબૂર કરી દીધો છે. ઉત્સવો, વ્રતોની ખુશી છીનવાઈ ગયા પછી લગ્નનો ઉત્સાહ ઉપર પણ કોરોનાનો ક્રૂર પંજો દેખાઈ રહ્યો છે. અરવલ્લી જિલ્લામાં બીજી લહેરનું કોરોનાનું સંક્રમણ ઘાતક સ્વરૂપ ધારણ કરશે તેવું કોઈએ વિચાર્યુ જ ન હતું જેના કારણે લગ્નગાળાને ધ્યાનમાં રાખી અનેક પરિવારોએ ઘરઆંગણે સંતાનોના ધામધૂમથી લગ્ન યોજવાની તૈયારીઓ શરૂ કરી હતી પરંતુ ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં કોરોનાથી એક પછી એક મોતનો સિલસિલો અને સરકારે પણ લગ્નોમાં ૫૦ વ્યક્તિની હાજરીમાં લગ્નો યોજવાનું ફરમાન કર્યું હતું જેના કારણે અસંખ્ય લગ્નો મુલત્વી રહ્યા પરંતુ ગ્રામ્ય વિસ્તારોમાં કોરોના કાળની આળમાં બાળલગ્નોના દૂષણે બાળ સુરક્ષા વિભાગને આકરા તાપમાં દોડવાની ફરજ પાડી છે. જિલ્લામાં બાળલગ્નોની ફરિયાદો ઉઠતાં વિભાગ દ્વારા સ્થળ ઉપર જઈ તપાસ કરવામાં આવી હતી જેમાં માલપુર તાલુકાના એક ગ્રામ્ય વિસ્તારમાં સગીર વયની બાળકીઓના લગ્ન ગોઠવાયાં હોવાથી જિલ્લા બાળ સુરક્ષા અધિકારી ડૉ.દિલીપસિંહ બિહોલા અને તેમની ટીમે કાયદેસરની કાર્યવાહી કરી ૩ બાળલગ્નો અટકાવી દીધાં છે.

### બે મહિનામાં બાળલગ્નની ૭ ફરિયાદ : જિલ્લા બાળ સુરક્ષા અધિકારી

અરવલ્લી જિલ્લામાં લગ્નોની દરેક સીઝનમાં બાળલગ્નોની ફરિયાદો સામે આવતી હોય છે. જિલ્લા બાળ સુરક્ષા અધિકારી ડૉ.દિલીપસિંહ બિહોલાના જણાવ્યા અનુસાર છેલ્લા ૨ મહિનામાં વિભાગને બાળલગ્નની કુલ-૭ ફરિયાદો મળી હતી જેમાં તપાસના અંતે માલપુર તાલુકામાં ૩ બાળલગ્નો થતાં હોવાનું તપાસ દરમ્યાન જણાવ્યું હતું જેથી લગ્નો અટકાવવામાં આવ્યા હોવાનું જણાવ્યું હતું.

## વજેપુરમાં વાયરસ કહી ખીજવવાના ઠપકામાં હુમલો

### પિતા, બે પુત્રોને ફટકારતાં ફરિયાદ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૬

વિજયનગરના વજેપુર ગામે ધનજીભાઈ ધુળાજી ડામોર સતત માસ્ક પહેરી રાખતા હોવાથી ગામના ૪ ઈસમોએ તેમને વાયરસ કહી ખીજવ્યા પછી ઠપકો આપવા જતાં ઉશ્કેરાયેલા ઈસમોએ પિતા તેમજ બે પુત્રોને કુહાડીની મુદ્દલ તેમજ લાકડીથી ફટકારતાં મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો છે. બનાવ અંગે વિજયનગર પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

પોલીસ સૂત્રોએ આપેલી જાણકારી મુજબ તાલુકાના વજેપુરમાં ડામોર પરિવારના સભ્ય ગામમાં માસ્ક પહેરીને ફરતા હતા જેથી અમિત કમલેશભાઈ ડામોર અને અન્ય ૩ ઈસમોએ તેમને વાયરસ કહી ખીજવ્યા હતા. ૪ ઈસમો રોજ માસ્ક મુદ્દે જાહેરમાં ટીખળ કરતા હોવાથી ધનજીભાઈ ડામોરે તેમને ઠપકો આપ્યો હતો દરમ્યાન ડામોર પરિવારના સભ્યો ઉશ્કેરાઈ ગયા હતા અને ધનજીભાઈ ડામોર, જીજ્ઞેશ ડામોર અને જયદીપ ડામોરને અપશબ્દો બોલી ગામમાં ફટકારતાં ખીજ મુદ્દે દંગલ મચી ગયું હતું.

ચોમાસા અગાઉ સૂકા ઘાસચારાની માંગ વધી

# અરવલ્લીમાં ૮.૪૫ લાખ પશુઓ માટે દૈનિક ૧૪,૦૦૦ મેટ્રીક ટન સૂકાઘાસની જરૂર

### ઘાસચારાની માંગ વધતાં ભાવ વધવાની સંભાવના

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૬

અરવલ્લી જિલ્લામાં તાઉ-તે વાવાઝોડાથી ખેતરોમાં જાર, બાજરીના ઘાસચારાનો સોથ વળી જતાં પશુપાલકોને આગામી ચોમાસામાં સૂકા ઘાસચારાની ચિંતા સતાવી રહી છે. તંત્ર દ્વારા ૩૩ ટકાથી મોટું ખેતીને નુક્સાન ન હોવાનો રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો છે પરંતુ જિલ્લાના ૮.૪૫ લાખ પશુઓ માટે દૈનિક ૧૪,૦૦૦ મેટ્રીક ટન સૂકા ઘાસચારાની જરૂરીયાત હોવાથી પશુપાલકોએ અત્યારથી જ સૂકું ઘાસ ખરીદવા માટે દોડધામ શરૂ કરી છે. જિલ્લામાં સૂકા ઘાસની માંગ એકાએક વધતાં આગામી સમયમાં જાર, બાજરી તેમજ ઘઉંના પરાળના ભાવમાં વધારો થવાની સંભાવના છે.

જિલ્લામાં ખેડૂતો ખેતીની સાથે દૂધાળા પશુઓ ઉપર જીવન નિર્વાહ ચલાવતા હોય છે. વિષમ હવામાનના કારણે ખેતી પાકમાં ઉત્પાદનને માઠી અસર થતી હોવાથી દૂધાળા પશુઓ ઉપર ખેડૂતોનો અને પશુપાલકોનો મોટો મદાર રહેતો હોય છે જેથી ખેતરમાં ધાન્ય પાકોની સાથે ખેડૂતો પશુઓ માટે ઘાસચારાનું મોટાપાયે વાવેતર કરતા હોય છે. જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી પશુપાલનનો વ્યવસાય વિકસ્યો છે જેના કારણે ખેતરમાં અન્ય પાકની સાથે ઘાસચારો ઉગાડવા ખેડૂતો મજબૂર બન્યા છે. તાજેતરમાં તાઉ-તે વાવાઝોડું આવ્યું અને પસાર થઈ ગયું પરંતુ ખેતરોમાં લીલા ઘાસચારાનો સોથ વળી ગયો છે જે હજુ સુધી બેઠો થયો નથી.



ખેડૂતોએ મૂંગા પશુઓ માટે ચોમાસામાં ઘાસચારો સૂકા ઘાસ તરીકે કામ આવશે તેમ માની વાવેતર કર્યું હતું પરંતુ કમોસમી વરસાદ અને વાવાઝોડામાં આગોતરા આયોજન ઉપર પાણી ફરી જતાં હવે ખેડૂતોની સાથે પશુપાલકોને આગામી ચોમાસામાં સૂકા ઘાસચારાની ચિંતા સતાવી રહી છે. જિલ્લામાં ચોમાસુ નજીક આવતાં પશુપાલકોએ સૂકો ઘાસચારો ખરીદવા માટે એક ગામ થી બીજે ગામ ચક્કર લગાવવાની શરૂઆત કરી દીધી છે. હાલમાં બાજરીના પૂળા દીઠ ભાવ રૂા.૧૦, જારના પૂળા દીઠ ભાવ રૂા.૧૫ અને ઘઉંના પરાળનો મીનીટ્રક દીઠ ભાવ રૂા.૮૦૦૦ બોલાઈ રહ્યો છે પરંતુ જે રીતે ઘાસચારાની ખરીદી પશુપાલકોએ શરૂ કરી છે તે જોતાં આગામી સમયમાં સૂકા ઘાસચારાના ભાવ વધી શકે છે.

## જન્મદિને વધામણી



મયંક સુરેશભાઈ રાવળ
સાઠંબા, તા.બાયડ



અંશ મિતેષકુમાર પટેલ
દખણેશ્વર, તા.બાયડ



કિરીટભાઈ આર. પંચાલ
(પાવન માર્કેટીંગ એજન્સી)
બાયડ (આકરૂન્દ)



વી. પી. પટેલ
(વાસરડા પ્રા.શાળા, તા.વાવ)
રખાપુર, તા.મેઘરજ



ધ્રુપ્તિ પંકજભાઈ ચૌધરી
આકરૂન્દ, તા.ધનસુરા



યોગેશભાઈ શાહ
ધનસુરા, જિ.અરવલ્લી

# કાળઝાળ ગરમી-બફારો : ભિલોડાના ટોરડાબાવડીયામાં ઝાડા-ઊલટીથી આધેડનું મોત

બાયડ / ભિલોડા, તા.૨૬

અસહ્ય બફારો અને કાળઝાળ ગરમીથી પ્રજા ત્રાસી ઉઠી છે. તંત્ર કોરાનામાં ગળાબૂડ છે જેથી અન્ય રોગ હોંશિયામાં ધકેલાયા છે. ભિલોડાના ટોરડાબાવડીયામાં ઝાડા-ઊલટીથી ૪૬ વર્ષના રમેશભાઈ જીવાભાઈ અસારીનું મોત નિપજતાં ભિલોડા પોલીસે એડી નોંધી તપાસ શરૂ કરી છે.

જિલ્લામાં છેલ્લા ૨ વર્ષથી કોરોનાના સંક્રમણના કારણે વાયરલ બિમારીઓ સામે જોવાનું તંત્રએ બંધ કરતાં ચોમાસા દરમ્યાન અનેક બિમારીઓ તંત્રને પરેશાન કરી શકે છે. અગાઉ ડેન્ગ્યુ અને મેલેરીયાના કેસ બહાર આવતા હતા અને આરોગ્ય વિભાગ દ્વારા રોગચાળાને ઉગતો ડામી દેવા માટે આરોગ્યલક્ષી કામગીરી થતી હતી પરંતુ વર્તમાન સમયમાં તંત્રનું સમગ્ર ધ્યાન કોરોના ઉપર કેન્દ્રીત થયું છે જેના કારણે પ્રજા વાયરલ બિમારીમાં પટકાઈ રહી છે. તાલુકાના ટોરડાબાવડીયા ગામના રમેશભાઈ અસારીને ઝાડા-ઊલટીની અસર થતાં સ્થાનિક ડૉક્ટર પાસેથી સારવાર લીધી હતી પરંતુ હાલત વધુ કથળતી જતાં પરિવારજનોએ તેમને તાત્કાલિક ભિલોડાની ખાનગી હોસ્પિટલમાં ખસેડ્યા હતા પરંતુ ઝાડા-ઊલટીના કારણે આધેડનું મોત નિપજતાં મનહરભાઈ જીવાભાઈ અસારીની ખબરના આધારે ભિલોડા પોલીસે એડી નોંધી છે. ગ્રામ્ય વિસ્તારોમાં પાણીનાં તળ ઉંડા ગયા પછી પીવાના પાણીમાં અશુદ્ધિઓ ભળવાની સાથે ખોરાકી આડઅસરથી ઝાડા-ઊલટીના કેસ વધ્યા છે પરંતુ આ તરફ આરોગ્ય તંત્રનું કોઈ ધ્યાન નથી જેના કારણે આગામી સમયમાં ઝાડા-ઊલટીનો રોગચાળો તંત્ર માટે પરેશાની રૂપ ન બને તો જ નવાઈ.

## ભિલોડાના માંકરોડા ફાયરીંગ બટ વિસ્તારમાં પ્રતિબંધ

બાયડ તા.૨૬

અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના માંકરોડા ગામમાં ફાયરીંગ બટ આવેલો છે. આ બટ માં મહેસાણા ખાતેના રા.અ.પો , દળ , જુથ - ૧૫. ઓ એન જી સી .. મહેસાણા ના પોલીસ અધિકારી / જવાનોનું સને - ૨૦૨૧ ના વર્ષના પ્રથમ તબક્કાનું ફાયરીંગ પ્રેક્ટિસ કરવાની હોઈ પોલીસ અધિક્ષક દ્વારા તા.૧૨ એપ્રિલ ૨૦૨૧ના મંજુરી પત્ર અનવ્યે આ બટ વિસ્તારની હદમાં રહેતા આજુબાજુનાં પ્રજાજનોની સલામતી જાળવવા ગુજરાત પોલીસ અધિનિયમન અન્વયે તા.૦૧ જૂન થી તા.૩૦ જૂન ૨૦૨૧ સુધી અમલમાં રહેશે.

અમૃતેશ ઔરંગાબાદકર, જિલ્લા મેજીસ્ટ્રેટ, અરવલ્લી-મોડાસા ને મળેલ સત્તાની રૂએ અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના ગંભીરપુરા (માંકરોડા) ખાતેના બટમાં અર્ધ વાર્ષિક ફાયરીંગ પ્રેક્ટિસ કરવાની હોઈ ઉક્ત બટ વિસ્તારની આજુબાજુની વ્યકિતઓએ ઉપરોકત જમીનની આજુબાજુ ૧.૬ કી.મી. ની ત્રિજયાના વિસ્તારમાં તા.૦૧ જૂન થી તા.૩૦ જૂન ૨૦૨૧ સુધી સવારના ૭-૦૦ કલાકથી સાંજના ૫-૦૦ કલાક સુધી પ્રવેશ કરવો નહિં તથા ઉકત વિસ્તારમાં દર્શાવેલ દિવસો અને સમયે ઢોર ઢાંકર લઈને પ્રવેશ કરવો કે કરાવવો નહીં.

આ જાહેરનામાનાનો ભંગ કરનાર ઉકત કલમ-૧૩૫ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

# રાજ્યના ૩૬ શહેરોમાં રાત્રે ૯થી સવારે ૬ સુધી કર્ફ્યુ

### કોરોનોમાં વ્યાપક કામગીરી કરવામાં આવી છે, કોરોનાના કેસોને નિયંત્રણ કરવામાં સરકાર સફળ રહી છે : રૂપાણી

ગાંધીનગર,તા.૨૫

ગુજરાતમાં કોરોનાના કેસોમાં ધીમે ધીમે ઘટાડો થતાં રાજ્યના ૩૬ શહેરોમાં રાત્રે ૯થી સવારે ૬ વાગ્યા સુધી કર્ફ્યૂ કરી દેવામાં આવ્યો છે. આ પહેલા ૩૬ શહેરોમાં રાત્રે ૮થી સવારે ૬ વાગ્યા સુધી કર્ફ્યૂ લાદવામાં આવ્યો હતો. આ કર્ફ્યૂની મુદત ૨૭ મે સુધી રાખવામાં આવી હતી. આજે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રાજ્યમાં આંશિક રાહત આપીને કર્ફ્યૂનો સમય રાત્રે એક કલાક ઘટાડીને રાતે ૯થી સવારે ૬ વાગ્યા સુધી કરવાની જાહેરાત કરી છે. આજે મુખ્યમંત્રી વિજય રૂપાણીની અધ્યક્ષતાએ કેબિનેટ બેઠક મળી હતી. જેમાં અનેક વાવાઝોડાથી નુકસાનીને લઈને સહાયથી લઈને રાત્રિ કરફ્યૂમાં મુક્તિ અંગે નિર્ણયો લેવામાં આવ્યા છે. કેબિનેટ બેઠક બાદ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આ અંગે જાહેરાત કરતા જણાવ્યું હતું કે, એપ્રિલ મહિનામાં આપણે ઘણો સંઘર્ષ કર્યો છે. કોરોનોમાં પણ વ્યાપક કામગીરી કરવામાં આવી છે. ગુજરાતમાં કોરોનાના કેસોને નિયંત્રણ કરવામાં સરકાર સફળ રહી છે. ૩૦૦૦ કેસ પર પહોંચી ગયા છે. દિવસેને દિવસે કેસ ઘટી રહ્યાં છે. તેથી જ આવતીકાલથી રાત્રિ કરફ્યૂના સમયને ૯ વાગ્યા સુધી કરાયો છે. નોંધનીય છે કે, રાજ્યમાં મંગળવારે નવા કેસની સરખામણીએ ત્રણ ગણા વધુ દર્દી સાજા થયા છે. રાજ્યમાં મંગળવારે કુલ ૩,૨૫૪ નવા કેસ નોંધાયા છે જ્યારે કુલ ૯૬૬૭ દર્દી સાજા થઈને ઘરે પરત ગયા છે. રાજ્યમાં સતત ઘટી રહેલા કેસના કારણે અમદાવાદ અને સુરતની હાલત સામાન્ય થઈ રહી છે. આ બંને શહેરોમાં સૌથી વધુ કેસ છેલ્લા કેટલાક દિવસોથી નોંધાઈ રહ્યા હોવાના કારણે સરકાર ચિંતિત હતી. આજે રસીકરણની સંખ્યામાં પણ વધારો થયો છે જ્યારે મોતની સંખ્યા ઘટી છે. રાજ્યમાં મંગળવારે અમદાવાદ શહેરમાં ૪૯૧, વડોદરામાં ૩૩૫, સુરત શહેમરાં ૨૨૬, રાજકોટ શહેરમાં ૧૩૭, વડોદરામાં જિલ્લામાં ૧૨૭, આમંદમાં ૧૨૧, જૂનાગઢ શહેરમાં ૧૦૭, બનાસકાંઠામાં ૧૦૭, ખેડામાં ૯૮, કચ્છમાં ૯૭, અમરેલીમાં ૯૬, જૂનાગઢ જિલ્લામાં ૯૫, પંચમહાલમાં ૯૩, રાજકોટમાં ૭૮, મહેસાણામાં ૬૫, જામનગર કોર્પોરેશનમાં ૬૨, વલસાડમાં ૬૨, ભાવનગરમાં ૪૭, ગાંધીનગર શહેરમાં ૪૩, જામનગર જિલ્લામાં ૪૧, સાબરકાંઠામાં ૪૧ કેસ નોંધાયા છે.

# કોરોના સંક્રમણ : બાયડમાં ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરીક્ષા કેન્દ્ર ફાળવો

### પાલિકાના કારોબારી અધ્યક્ષની શિક્ષણ મંત્રીને રજૂઆત

કોરોનાના સંક્રમણને કારણે ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહ, સામાન્ય પ્રવાહ બોર્ડ પરીક્ષા પાછી ઠેલવાની સાથે તા.૧ જુલાઈથી શરૂ થઈ રહી છે ત્યારે સરકાર અને શિક્ષણ વિભાગ દ્વારા વિદ્યાર્થીઓને પોતાની શાળા નજીક પરીક્ષા કેન્દ્ર મળી રહે, વધુ દૂરના અંતરે પરીક્ષા આપવા ન જવું પડે તે માટે વધુ પરીક્ષા કેન્દ્રો શરૂ કરવાનો નિર્ણય લીધો છે ત્યારે બાયડમાં ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરીક્ષા કેન્દ્ર ફાળવવામાં આવે તો ૪૦૦ થી વધુ વિદ્યાર્થીઓ લાભ થશે. બાયડ પાલિકા કારોબારી અધ્યક્ષ પ્રવિણ પટેલ દ્વારા શિક્ષણ મંત્રીને રજૂઆત કરી પરીક્ષા કેન્દ્ર ફાળવવા જણાવ્યું છે.

બોર્ડ પરીક્ષાને કોરોનાનું ગ્રહણ નડ્યું છે. ધો.૧૦ના વિદ્યાર્થીઓને માસપ્રમોશન પછી ધો.૧૨ બોર્ડ પરીક્ષાનું શું થશે તે અંગે વિદ્યાર્થી-વાલીઓમાં ચિંતા સાથે તણાવ હતો. રાજ્યના મુખ્ય મંત્રી દ્વારા વિદ્યાર્થી હીતલક્ષી નિર્ણય લઈ ધો.૧૨ બોર્ડની પરીક્ષા તા.૧ જુલાઈ-૨૦૨૧ થી યોજવાનો નિર્ણય લીધો છે. ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ભાગ-૧ અને ૨ માં ૫૦-૫૦ ગુણની ૩ કલાકની પરીક્ષા યોજાશે. વિદ્યાર્થીઓને પોતાની શાળા નજીક પરીક્ષા કેન્દ્ર મળી રહે તેવા શિક્ષણ વિભાગના પ્રયાસો છે. ત્યારે છેલ્લા ૨ વર્ષથી બાયડનું પરીક્ષા કેન્દ્ર રદ કરવામાં આવ્યું છે. વર્તમાન કોરોનાની સ્થિતિને ધ્યાને રાખી બાયડ તેનપુર, ડેમાઈ, ભૂડાસણ, સાઠંબા, ગાબટ-ધનસુરાના વિદ્યાર્થીઓને ૩૨ કી.મી. દૂર મોડાસા પરીક્ષા આપવા ન જવું પડે તે માટે કોરોનાની સ્થિતિને ધ્યાને રાખી બાયડમાં પરીક્ષા કેન્દ્ર ફાળવવા માટે બાયડ પાલિકા કારોબારી અધ્યક્ષ દ્વારા શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા તેમજ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ સમક્ષ લેખિત રજૂઆત કરવામાં આવી છે.

ભિલોડાના મુસ્લિમ બિરાદરનું

## મ્યુકરમાઈકોસિસ (બ્લેક ફંગસ)ની બિમારીમાં સપડાયા બાદ અવસાન

ભિલોડા,તા.૨૬

કોરોના વાઈરસની બીજી લહેર ઘાતક પુરવાર થયા બાદ ત્રીજી લહેર ભયાનક આવશે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે. ગામડાઓમાં કોરોના બેકાબુ બનતા અનેક લોકો બિમારીમાં સપડાયા બાદ અપુરતી આરોગ્ય વિષયક સુવિધાઓના કારણે મોતના ખપ્પરમાં હોમાઈ ગયા છે.



અરવલ્લી જીલ્લાના ભિલોડા નવી વસવાટ વિસ્તારના મુસ્લીમ બિરાદર મ્યુકર માઈકોસિસ (બ્લેક ફંગસ) નામની બિમારીમાં સપડાયા બાદ વડોદરા ખાતે સારવાર દરમ્યાન મોત નિપજતાં પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો છે.

કોરોના વાઈરસની બીજી લહેરએ જાણે કે આતંક મચાવ્યો હોય તેમ જીવલેણ કાળમુખા કોરોનાએ ભયાનક રીતે કહેર વર્તાવતા અનેક લોકો આજ દિન સુધીમાં મોતના ખપ્પરમાં હોમાઈ ચુક્યા છે. મ્યુકરમાઈકોસિસ નામનો બ્લેક ફંગસનો નવો ખતરો મ્હોં ફાડી રહ્યો છે જે પણ કોરોનાની સારવારમાં દાખવાયેલી કેટલીક બેદરકારીના કારણે મહામારી બન્યો હોય તેમ જણાઈ રહ્યું છે.


ભિલોડા નવી વસવાટ વિસ્તારના રહેવાસી મિલનસાર સ્વભાવ ધરાવતા સેવાભાવી ઈકબાલશા મહંમદશા ફકીર (બાવજી), (ઉંમર વર્ષ-૫૧), એમ. આર.બી. રોડવેઝવાળા કોરોના વાઈરસથી સંક્રમિત થયેલ હોય હિંમતનગર સીવીલ હોસ્પિટલમાં સારવાર દરમ્યાન તેઓનું તબીયત સારૂ હતું. મ્યુકરમાઈકોસિસ (બ્લેક ફંગસ) નામની બિમારીમાં છેલ્લા કેટલાક દિવસોથી સપડાયા બાદ એસ. એસ. જી. હોસ્પિટલ, વડોદરા ખાતે સારવાર અર્થે ખસેડાયા હતા. મ્યુકરમાઈકોસિસ નામની બિમારી સામે જીંદગીનો જંગ હારતા પરીવાજનો સહિત સગાં-સબંધીઓમાં ઘેરો શોક છવાયો હતો.

## દુ:ખદ અવસાન



બાયડ : ભિલોડા તાલુકાના કારછા ગામના સ્વ.કાન્તિભાઈ ખાતુભાઈ ભાટીયાના પત્નિ અને મુકેશભાઈ ભાટીયા, અશોકભાઈ ભાટીયા અને કમલેશભાઈ ભાટીયાના માતા રસિલાબેન ભાટીયાનું નિધન થયેલ છે. હાલની કોરોના મહામારીના કારણે સામાજીક લૌકિક ક્રિયા બંધ રાખેલ છે ફક્ત ટેલિફોનિક બેસણું તા.૨૮ મે., શુક્રવારના રોજ સવારે ૧૦-૦૦ થી ૨-૦૦ રાખેલ છે.

•••



બાયડ : મોડાસા તાલુકાના દધાલિયા ગામના (હાલ રહે.શામળાજી) ના વિનોદભાઈ શિવાભાઈ ભાટીયાના પત્નિ નયનાબેન ભાટીયાનું નિધન થયેલ છે. હાલના સંજોગોને ધ્યાને રાખી સદ્ગતનું બેસણું તેમજ સામાજીક લૌકિક ક્રિયા બંધ રાખેલ છે તેમનું ટેલિફોનિક બેસણું તા.૨૮-૫-૨૦૨૧ના રોજ સવારે ૯-૦૦ થી ૧૨-૦૦ રાખેલ છે.

# મોડાસા ડેપોના બંધ રૂટના ડ્રાઈવર-કંડક્ટર પાસે ડેપો મેનેજરે એસ.ટી. બસો ધોવડાવી

### ડેપોમાં સ્વચ્છતા જાળવવામાં ડેપો મેનેજરનો તુક્કો ચર્ચામાં

બાયડ તા.૨૬

મોડાસાના હંગામી એસ.ટી. ડેપોમાં કાયમી કંડક્ટરો પાસે કામગીરી કરાવાતાં કેટલાક કર્મચારીઓ સ્વમાન હણાયું હોય તેવી લાગણી અનુભવતાં આ આપવો રહ્યો પરંતુ મોડાસાના હંગામી એસ.ટી. ડેપોમાં કોરોનાના કારણે છેલ્લા કેટલાક દિવસથી મેનેજરે ડ્રાઈવર-કંડક્ટરોને સ્વચ્છતાના પાઠ શીખવ્યા હોય તેવો ઘાટ ઘડાયો હતો. ૨૦ થી









સ્વચ્છતાના નામે મીંડુ જોવા મળી રહ્યું છે ત્યારે ડેપો મેનેજર હર્ષદભાઈ પટેલે બંધ એસ.ટી. રૂટના ડ્રાઈવર-કંડક્ટરો પાસે બુધવારે એસ.ટી. બસની સાફસફાઈ કરી પાણીથી એસ.ટી. બસો ધોવડાવતાં ડેપો મેનેજરનો આ તુક્કો ખાસ્સો ચર્ચામાં આવ્યો છે. કોરોનાના કારણે એસ.ટી.ના જે રૂટ બંધ છે તે રૂટના ડ્રાઈવર-કંડક્ટરોની હાજરી પૂરવાના ગતકડાએ એસ.ટી. કર્મચારીઓમાં છૂપી નારાજગી ફેલાવી છે. સફાઈ કર્મીની જેમ વર્દીમાં એસ.ટી.ના ડ્રાઈવર-મુદ્દે વિવાદ ન થાય તો જ નવાઈ હશે. કોરોનાનું સંક્રમણ ગ્રામ્ય વિસ્તારો સુધી ફેલાઈ જતાં એસ.ટી. નિગમ દ્વારા કાયમી રૂટની અનેક એસ.ટી. બસોનાં પૈડાં થોભાવી દેવામાં આવ્યાં છે. ડ્રાઈવર-કંડક્ટરો રૂટના અભાવે ફરજનું પાલન કરી શકતા ન હોવાથી તેમની પાસે અન્ય કોઈ કામ કરાવી શકાય કે કેમ..?? તે પ્રશ્ન એસ.ટી.ના ઉચ્ચ અધિકારીઓએ એસ.ટી. બસના કાયમી રૂટ બંધ હોવાથી અસંખ્ય ડ્રાઈવર-કંડક્ટરો નિયમિત ફરજ બજાવી શકતા નથી. ડ્રાઈવર-કંડક્ટરોની ગેરહાજરી પુરાય તે કર્મીઓને પોષાય તેમ ન હોવાથી નિયમિત એસ.ટી. ડેપોમાં રૂટ બંધ હોવા છતાં બોલાવવામાં આવતાં કર્મચારીઓમાં રોષ અગાઉથી ફેલાયેલો છે ત્યાં તા.૨૬ના રોજ મોડાસાના હંગામી એસ.ટી. ડેપોના વધુ ડ્રાઈવર-કંડક્ટરોને ડેપોમાં બોલાવ્યા પછી રૂટ બંધ હોવાના કારણે મેનેજર દ્વારા એસ.ટી. બસોની સફાઈ કરાવી સર્વિસ સ્ટેશન ઉપર એસ.ટી.બસ પાણીથી ધોવડાવતાં કેટલાક કર્મચારીઓ તો અંદરો અંદર સમસમી ઉઠ્યા છે. એસ.ટી. ડેપોમાં સર્વિસ સ્ટેશન ઉપર પગારદાર કર્મચારીઓ હોવા છતાં કયા કારણોસર એસ.ટી. બસો ડ્રાઈવર-કંડક્ટરો પાસે ધોવડાવવામાં આવી..?? તે ખુદ કર્મચારીઓમાં અંદરો અંદર ચર્ચાઈ રહ્યું છે.

# ખીલોડિયા ગામે પત્નીની હત્યા કરનારો પતિ જેલમાં ધકેલાયો

### ચાર બાળકો બન્યા નોંધારા,બાળકોને ચિંતન ચેરીટેબલ ટ્રસ્ટનો સહારો

એક તરફ વિશ્વભરમાં કોરોના કાળ ચાલી રહ્યો છે તેવામાં લોકો જીવન બચાવવા માટે ઘરની બહાર નીકળવાનું ટાળી રહ્યા છે તેવા કપરા સમયમાં અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના ખીલોડિયા ગામે હત્યા નો બનાવ સામે આવ્યો છે જેમાં પત્નીના ચરિત્ર પર વહેમ રાખી પતિ એજ ધારીયા ના ઘા મારી મહિલા ને ગંભીર રીતે ઘાયલ કરતા મહિલા ને સારવાર માટે અમદાવાદ ખાતે ખસેડવામાં આવી હતી જ્યાં તેનું મોત નીપજ્યું હતું.ત્યારબાદ સમગ્ર ઘટનાની જાણ ધનસુરા પોલીસે ને કરવામાં આવતા ધનસુરા પોલીસે હત્યારા પતિ વિરુદ્ધ હત્યા સહિતની કલમો હેઠળ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથધરી હતી.